અપીલ અરજી નં.૩૬૨ તા.૨–૧૧ –૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી રાજેશ જશવંતલાલ પાવઠાવાલા
સામાવાળાઃ– એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :–આરટીઆઈ એકટ હેઠળ શ્રી રાજેશ જશવંતલાલ પાવઠાવાલાની તા. ૧૭–૯–૧૧ની અરજીથી બનાવટી નામધારી પુષ્પક કો.ઓ.હાઉસીંગ સોસાયટી. લી. વિભાગ– ૨, સરનામુ–સર્વે નં. ૧૨૩, મોજે ફુલપાડા, તાલુકો–સીટી,જીલ્લો–સુરત જેનો બોગસ રજીસ્ટર નં.ઘ–૯૭૯૬ વાળી મિલકત પર બાંધેલ ગેરકાયદે બાંધકામો અંગે ઘણી બધી રજુઆત, અરજીઓ તેમજ મહાનગરપાલિકાના ઉચ્ચ કર્મચારી સાથે રજુઆત કરવા છતાં આ બનાવટી નામધારી તેમજ બોગસ રજીસ્ટર પુષ્પક કો.ઓ.હાઉસીંગ સોસાયટી, વિભાગ–૨ પરનું ગેરકાયદે થયેલ બાંધકામ કયા કારણોસર દુર કરવામાં નથી આવતું કે ગેરકાયદે બાંધકામ તોડી પાડવામાં નથી આવતું તે અંગે શા માટે પગલાં લેવામાં નથી આવતાં તે મને જરૂરી પુરાવા સાથે માહિતી પુરી પાડશોજી વિ.માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૨–૧૧–૧૧ ની **SMC/FAP/** નં.૩૬૨/૨૦૧૧–૧૨

શ્રી રાજેશ જશવંતલાલ પાવઠાવાલાની તા. ૧૭–૯–૧૧ની અરજીથી બનાવટી નામધારી પુષ્પક કો.ઓ.હાઉસીંગ સોસાયટી.લી.વિભાગ–૨,સરનામુ–સર્વે નં.૧૨૩, મોજે ફુલપાડા, તાલુકો–સીટી,જીલ્લો–સુરત જેનો બોગસ રજીસ્ટર નં.ઘ–૯૭૯૬વાળી મિલકત પર બાંધેલ ગેરકાયદે બાંધકામો અંગે ઘણી બધી રજુઆત, અરજીઓ તેમજ મહાનગરપાલિકાના ઉચ્ચ કર્મચારી સાથે રજુઆત કરવા છતાં આ બનાવટી નામધારી તેમજ બોગસ રજીસ્ટર પુષ્પક કો.ઓ.હાઉસીંગ સોસાયટી, વિભાગ–૨ પરનું ગેરકાયદે થયેલ બાંધકામ કયા કારણોસર દુર કરવામાં નથી આવતું કે ગેરકાયદે બાંધકામ તોડી પાડવામાં નથી આવતું તે અંગે શા માટે પગલાં લેવામાં નથી આવતાં તે મને જરૂરી પુરાવા સાથે માહિતી પુરી પાડશોજી વિ.માહિતી આપવા બાબતે એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(વરાછાઝોન)ના પત્ર નં. ઈઝેડ/આરટીઆઈ/૪૭૧ તા. ૧૮–૧૦–૧૧થી મળેલા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૨–૧૧–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા અરજદારની રજુઆત મળેલ હોય તો તે અંગે થયેલ–ન થયેલ કાર્યવાહી તથા બાબતની દફતરી હકીકત સ્પષ્ટ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૦૫૪ તા.૧૧–૧૧–૧૧ થી** એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન) તથા અરજદારને મુળ અરજીની રજુઆત " ઘણીબધી રજુઆતોના" અનુસંધાને તેમની રજુઆત મનપાને આપ્યાના આધાર રજુ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/આ.નં.૪૭૧ તા.૩૦–૧૧–૧૧ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, અરજદારની મુળ અરજીની નકલ, અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/આ.નં.૪૭૧ તા.૧૮–૧૦–૧૧ ના પત્રની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી તા.૧૭–૧૧–૧૧ ના પત્રની નકલ અત્રે મળેલ છે.

અરજદારની તા.૧૭–૯–૧૧ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબત હેઠળની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી વરાછાઝોનને કરવામાં આવેલ. વરાછાઝોન તરફથી પત્ર નં. ઈઝેડ/ આરટીઆઈ/ ૪૭૧ તા. ૧૮–૧૦–૧૧ થી સમય અવધિ બાદ " તાજેતરમાં કોઈ નવું બાંધકામ સદર સ્થળ પર કરવામાં આવેલ નથી." તેવું જણાવેલ છે. જે બાબતે મળેલા પ્રતિભાવથી નારાજ થઈ તા.૨–૧૧–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. જેમાં બોગસ રજીસ્ટર તથા બનાવતી નામધારી પુષ્પક કો.ઓ. હા. સોસા. વિભાગ–૨ જેનું સરનામું સર્વે નંબર ૧૨૩, મોજે ફુલપાડા, તાલુકો સીટી જીલ્લો સુરત ખાતે આવેલ ખેડ ખાતાની જમીન એક ધાર્મીક રજીસ્ટર શ્રી બાલાજી મંદિર ટ્રસ્ટની સ્વતંત્ર અને સંપૂર્ણ માલીકી ચાલી આવેલ છે જે અંગેની નોંધ પબ્લીક ટ્રસ્ટ એકટની જોગવાઈઓ મુજબ પી.પી.આરની નકલમાં પણ જોવા મળે છે. સદર ખેડ ખાતા વાળી મિલ્કત પર બોગસ રજીસ્ટર ધરાવતી તથા બનાવતી નામધારી પુષ્પક કો.ઓ. હાઉસીંગ સોસા. વિ–૨ ના એ તદૃન ખોટુ ગેરકાયદેસર અને કાયદા વિરુધ્ધનું બાંધકામ કરેલ છે જે અંગે સુરત મહાનગપાલિકાએ ટીડીઓ–૩૪૩ થી તા.૧૦–૪–૧૯૮૫ ના રોજ સદર

બાંધકામ ન કરવા તેમજ થયેલ બાંધકામ દુર કરવાનો હુકમ કરેલ છે. પરંતુ આજ દિન સુધી ખેડ ખાતાની જમીન ઉપર થયેલ ગેરકાયદે બાંધકામ સુરત મહાનગરપાલિકાએ દુર કરેલ નથી આ અંગે કોઈ પણ કાર્યવાહી કરેલ નથી. અપીલના મુદ્દા નં.(૨) સદર બાંધકામ દુર કરવા એપેલન્ટે અનેકો વખત સુરત મહાનગપાલિકાની કચેરીઓમાં રજૂઆત કરેલ છે. તેના સંદર્ભે તા.૧૭–૯–૧૧ ના રોજ આરટીઆઈ એકટ–૨૦૦૫ હેઠળ અરજી કરેલ હતી અને તેનો ઈન્વર્ડ નં.૪૦૨ છે. જેની નિયત ફી રૂ.૨૦/– ભરેલ છે. જેનો સ્ક્રોલ નં.૫૦૦/૪૪ છે જેમાં ઉપરોકત બોગસ રજીસ્ટર તથા બનાવટી નામધારી પુષ્પક કો.ઓ. હા. સોસા. લી. વિ–૨ નું બાધકામ કયા કારણોસર દુર કરવામાં આવતું નથી તે અંગે અરજી કરેલ હતી જેમાં એપેલન્ટને તા.૧૮–૧૦–૧૧ ના રોજ ઈ. નં.ઈ.ઝેડ/આરટીઆઈ/ ૪૭૧ તાજેતરમાં નવું કોઈ બાંધકામ સદર સ્થળ ઉપર કરવામાં આવેલ નથી જણાવે છે. પરંતુ વાસ્તવમાં એપેલન્ટે અગાઉ થી જ એટલે કે તા.૧૦–૪–૧૯૮૫ ના રોજ રદ કરેલ રજાચિઠ્ઠી બાદ થયેલ સોસા.નો આશરે ૧૦૫ ગાળાનું બાંધકામ દુર કરવામાં આવતું નથી કે પગલા લેવામાં નથી આવતા તે માહિતી પુરાવા સાથે માંગેલ છે. જે આપેલ માહિતી હમોએ માંગેલ માહિતીથી જુદી જ છે. સાથે સંગત પણ નથી. ખોટી જ માહિતી આપેલ છે. આ સંજોગોમાં માહિતી કાયદાની જોગવાઈઓ મુજબ જે તે અધિકારીઓ પેનલ્ટીની સજાને પાત્ર બને છે. જે અંગે કાર્યવાહી કરવાની જરૂર છે. તેવી રજૂઆત કરેલ છે. જે અંગે અત્રેથી અરજદારને ઘણી બધી રજૂઆત બાબતે આપની રજૂઆત મહાનગપાલિકાને આપ્યાના આધાર હોય તો તે રજૂ કરવા જણાવવામાં આવેલ. જે બાબતે અરજદારે તા.૧૭–૧૧–૧૧ ના પૂરક પત્રમાં તેમને તો૧૩–૩–૮૯ ના રોજ રજૂઆત કરેલ જણાવેલ છે. જેમની એક જ રજૂઆતને અનેકવાર ગણાવેલ છે તેમજ અન્ય રજૂઆત તા.૨–૮–૧૦ અને તા.૧૩–૪–૧૧ શ્રી બાલાજી ટ્રસ્ટ તરફથી થયાનું જણાવેલ છે પરંતુ તે અંગે રજૂઆત મહાનગપાલિકાને આપ્યા અંગેના કોઈ આધાર રજૂ કરવામાં સફળ રહેલ નથી. અત્રે એ પણ પ્રસ્તુત છે કે અરજદારે અપીલમાં ટીડીઓ નં.૩૪૩ તા.૧૦–૪–૮૫ થી બાંધકામ ન કરવા અને તેને દુર કરવાના થયેલ હુકમ અંગે પણ કોઈ આધાર રજૂ કરેલ નથી. આમ સદર મિલ્કતના બાંધકામ ઘણા લાંબા સમય પહેલાનું અનુમાનિત છે. જે અંગે જાહેર માહિતી અધિકારીએ આપેલ માહિતીમાં તાજેતરમાં નવું કોઈ બાંધકામ સદર સ્થળ પર કરવામાં આવેલ ન હોવાનું પણ જણાવેલ છે. પરંતુ અરજદારની મુળ અરજીથી માંગેલ માહિતી "કયા કારણસર દુર કરવામાં આવતું નથી કે ગેરકાયદે બાંધકામ તોડી પાડવામાં આવતું નથી તે અંગે શા માટે કોઈ પગલાં લેવામાં આવતાં નથી." તે અંગે કોઈ માહિતી આપેલ જણાતી નથી. આ બાબતે લાગત ફાઈલે જે પણ કોઈ નિર્ણય લેવાયેલો હોઈ,દફતરી સ્થિતિ હોય તે અરજદારને પુરી પાડવાની રહે. આમ અરજદારને બાંધકામ બાબતેની માહિતી પૂરી પાડેલ છે. વધુમાં આરટીઆઈ એકટની કલમ–૨(એફ) તથા ૨(જે) હેઠળ જાહેર સત્તા મંડળ પાસેની ભૌતિક સ્વરૂપે ઉપલબ્ધ દફતરી માહિતી આપવાની જોગવાઈ છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૭–૦૯–૧૧ ની અરજીથી માંગેલ મુળ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ ન હોઈ જરૂર જણાયે લાગત ફાઈલની તપાસણી પુરી પાડી દફતરી હકીકતલક્ષી માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મુલ્યે અત્રેની જાણ હેઠળ અરજદારને પુરી પાડવા એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(વરાછાઝોન)ને જણાવવામાં આવે છે.

(એસ.એન. મહેતા)
ડે.કમિશ્નર (ફા.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧૨–૧૧

પ્રતિ,
(૧) એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન)....જાણ તથા અમલ માટે
(૨) શ્રી રાજેશ જશવંતલાલ પાવઠાવાલા,